Letter No: TDD/0140/05/2023 Dt: 10-05-2023

આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની સરકારી છાત્રાલયોમાં માન્ય સંખ્યામાં વધારો કરવા અંગેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: TDD/CTL/e-file/25/2023/0251/G
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી(આ.વિ)ની કચેરીનો તા.૨૭/૦૧/૨૦૨૩નો પત્રનં.આવિ/છતલ/૦૧/ફા.નં. /૨૦૨૨-૨૩ તથા તા:૧૧/૦૨/૨૦૨૩નો પત્ર નં. આવિ/છતલ/૦૧/ ફા.નં./૨૦૨૨-૨૩

આમુખ :-

અનુસૂચિત જનજાતિના મોટાભાગના લોકો ઉંડાણવાળા જંગલ વિસ્તારમાં રહેતા હોય છે તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે તેઓ તેમના બાળકોને દુરના સ્થળે ઉચ્ચ અભ્યાસ માટે મોકલી શકતા નથી. જેના કારણે તેઓ શિક્ષણથી વંચિત રહેવા પામે છે. અનુસૂચિત જનજાતિના આવા જરૂરીયાતવાળા બાળકોને રહેવાની અને જમવાની વ્યવસ્થા મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા જુદાજુદા સ્થળોએ સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. પરંતુ છાત્રાલયની અપુરતી માન્ય સંખ્યાના કારણે ઘણા વિદ્યાર્થીઓ છાત્રાલયમાં પ્રવેશથી વંચિત રહેતા હોય છે. આવા જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દીના ભાવિને ધ્યાને રાખી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને તેઓ સરકારી છાત્રાલયોમાં રહી ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળના સરકારી છાત્રાલયોમાં હાલની માન્ય સંખ્યા ઉપરાંત ૬૦૦નો સંખ્યા વધારો મંજૂર કરવા માટે રૂ.૧૮૦.૦૦લાખની નવી બાબતની જોગવાઈ માંગણી ક્રમાંક:૯૬ (આયોજન) ટીએએસપી સદર હેઠળ સને ૨૦૨૩-૨૪માં સમાવેશ કરવા માટે ઉપરોક્ત વંચાણે લીધેલ ક્ર (૧) સામેના પત્રથી નિયામકશ્રી (આ.વિ)એ દરખાસ્ત કરેલ. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

પુખ્ત વિચારણાના અંતે સરકારી છાત્રાલયોમાં હાલની માન્ય સંખ્યા ઉપરાંત કુલ ૬૦૦ સંખ્યા વધારો મંજૂર કરવા માટે રૂ.૧૮૦.૦૦ લાખની નવી બાબતની જોગવાઈ માંગણી નં.૯૬ (આયોજન) ટીએએસપી સદર હેઠળ સને ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી (આ.વિ)એ રાખવાની રહેશે.

2.આ યોજનાનો અમલ નિયામકશ્રી, આદિજાતી વિકાસ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

3.પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

4.ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

5.સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું

રહેશે.સાધન/ કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

6.નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

7.આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

8. C M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

9. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

10.Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

11. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

12. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.

13.પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

14.આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

15. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

16.આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

17.આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

18.આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

19.યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

20.સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

21.આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની સરકારી છાત્રાલયોમાં હાલની માન્ય સંખ્યા ઉપરાંતની સંખ્યા વધારાને સમાવવા માટે પર્યાપ્ત માળાખાકીય સુવિધાઓ મળી રહે તે નિયામકશ્રી (આ.વિ) એ સુનિશ્ચિત કરવાનુ રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૦૯-VKY-૧૨ સરકારી છાત્રાલયોની સ્થાપના અને વિકાસ હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૬/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયદેવસિંહ વાઘેલા

ઉપ સચિવ

આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

Signature valid
Signed by:Jaydevsinh K. Vaghela
Under Secretary
Date: 2023.05.11 16:53:56 +05:30

File No: TDD/CTL/e-file/25/2023/0251/G Section
Approved By: S Murli Krishna(Head,TDD)
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (આ.વિ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), બ્લોક નં.૯/૩જો માળ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ

Signature valid
Signed by:Jaydeysinh K. Vaghela
Under Secretary
Date: 2023.05.11 16:53:56 +05:30